# અરવલ્લીમાં પ્રાથમિક શાળાના શિક્ષકે દારૂ પી ને ધમાલ મચાવતા ચકચાર

## દારૂડીયા શિક્ષકે પોતાની ગાડી રિવર્સમાં લઈ કોટ તોડી નાખ્યો : આ શિક્ષક અવારનવાર દારૂ પી ને શાળા તથા ગામમાં આવે છે

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકોમાં દારૂ પીવાની ટેવ પડી જવાના કિસ્સા અવારનવાર બનવા માંડ્યા છે. અને ગુરૂઓનુ નૈતિક અધ:પતન થઈ રહ્યું છે. આવો જ કિસ્સો ફરી બન્યો છે. દારૂ પી ને આવેલા આ મહાશયે ગાડી રિવર્સમાં લેતા કોર્ટ તોડી પાડતા તેમની વિરૂદ્ધ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તપાસના આદેશો કર્યા છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ મહોદેત ગામ પંથકની એક પ્રાથમિક શાળાના અવાર-નવાર દારૂ પીવાના શોખીન એક ગુરૂજી ચિક્કાર પીધેલી હાલતમાં મહાદેવગ્રામ પ્રાથમિક શાળા આગળ આવ્યા હતા અને હોર્ન વગાડ્યે જતા હતા. તેઓએ દારૂ પીધેલો ધ્યાનમાં આવતા અમુક લોકોએ ઘેર જતા રહેવા જણાવ્યું હતું. પણ પીધેલા ગુરૂજી માન્યા ન હતા અને નજીકમાં જ આવેલી પોતાની શાળામાં પહોંચી ગયા હતા. દારૂના નશામાં ધૂત આ મહાશયે પોતાની શાળામાં જઈ ધમાલ મચાવી હતી અને ગામ લોકો, વિદ્યાર્થીઓએ મારવા લેતા ગાડી રિવર્સમાં લેતી વખતે કોટ તોડી નાખ્યો હતો.

આ બાબતની જાણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને થતા તેઓએ માણસા તાલુકા પંચાયતના ટી.કે. એન. તરાર, બી.આર.સી. દિનેશભાઈ, સી.આર.સી. ધર્મેન્દ્રસિંહની ટીમ મોકલી હતી અને તેઓને ત્યાં પહોંચી વિદ્યાર્થી, ગામલોકોના નિવેદન લઈ ઉચ્ચકક્ષાએ વધુ પગલાં લેવા અહેવાલ મોકલી આપવામાં આવ્યો હતો. આમ ગુરૂ શબ્દને કલંક લગાડનાર આ શિક્ષક સામે ટી.કે. એન કે બી.આર.સી.એ કેમ પોલીસ ફરીયાદ ન કરી? શુ તેની નોકરી સાચવવામાં રસ કેમ પડ્યો? શિક્ષકની બદલી કે સસ્પેન્ડ કેમ કરવામાં આવ્યો નથી? નકલી માંદગી બતાવી રજા પર કેમ ઉતારી દેવાયો છે? વગેરે સળગતા પ્રશ્નોની ઉચ્ચકક્ષાએ જાગૃત નાગરિકો દ્વારા રજુઆત કરવા કમર કસવામાં આવી છે. અત્રે નોંધવુ ઈચ્છનીય છે કે દારૂડીયો ભાન ભૂલે પણ તપાસ ટીમ ભાન ભુલે તે યોગ્ય નથી.

# સે. ૨૧ના આંતરિક માર્ગોના અધુરા કામો પુરા કરવા માંગ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સેક્ટર-૨૧ માં જ્યાં વાણિજ્ય વિસ્તાર આવેલો છે તેના આંતરિક માર્ગો બિસ્માર હાલમતાં છે અને નવા રસ્તા બનાવવાના કામો અધુરા છોડી દેવાયેલા છે. આ કાર્યો સત્વરે પુરા કરવા મહાનગર પાલિકાના કોર્પોરેટર પ્રવિણભાઈ પટેલે પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરને પત્ર લખી માંગણી કરી છે.

સે. ૨૧ના પ્લોટ નં. ૧૫૯ થી ૧૬૩ ના વિસ્તારના આંતરિક માર્ગો બિસ્માર હાલતમાં છે અને આ રસ્તાના નવનીકરણના કામો અધુરા છોડી દેવાયેલા છે. રસ્તાની બંને બાજુએ કાયટીંગ કરવામાં આવ્યું ન હોવાથી બંને તરફની સરફેઈસ નહી થયેલા ભાગમાંથી ધૂળ રોડ પર જમા થાય છે. જેના કારણે રોડ પણ દેખાતા નથી. વળી અહીં સપાટીનું લેવલ પણ ઘણુ નીચુ હોવાથી લેવલ દેખાતુ નથી. આ વિસ્તારમાં હોસ્પિટલ, હોટલ-ગેસ્ટહાઉસ તેમજ અન્ય વાણિજ્ય વિસ્તાર આવેલા હોવાથી અહી ટ્રાફિકનું પ્રમાણ પણ વધુ રહે છે. આ વિસ્તારના નાના વેપારીઓને ઘણી મુશ્કેલી પડી રહી હોવાથી આ રસ્તાનું નવીનીકરણ કરવા માંગણી કરાઈ છે.

# પ્રાંતિજની હોસ્પિટલના કર્મચારીઓ હડતાલ પર ઉતરી જતા સંચાલકોની સાન ઠેકાણે આવી

## એમ.સી. દેસાઈ હોસ્પિટલમાં છેલ્લા આઠ માસથી કર્મચારીઓને પગાર અપાયો નહોતો : મેનેજીંગ ટ્રસ્ટીએ હડતાલના પ્રથમ દિવસે જ લેખિત ખાત્રી આપતા સુખદ અંત

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજની નાની ભાગોળ વિસ્તારમાં આવેલ એમ.સી. દેસાઈ હોસ્પિટલના કર્મચારીઓ આજે અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા હતા. આ કર્મચારીઓ છેલ્લા આઠ માસથી પગાર ચુકવાયો નહોતો. જો કે હડતાલના પ્રથમ દિવસે જ હોસ્પિટલના મેનેજીંગ ટ્રસ્ટીએ લેખિતમાં ખાત્રી આપતા હડતાલ સમેટી લેવાઈ હતી.

પ્રાંતિજના શ્રેયસ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મણીલાલ ચુનીલાલ દેસાઈ અને નટવરલાલ મણીલાલ દલાલ જનરલ હોસ્પિટલના કર્મચારીઓને છેલ્લા આઠ મહિનાથી પગાર ન ચુકવાતા ધૂંધવાયેલા કર્મચારીઓ આજે લાલ વાવટા જનરલ વર્કર્સ યુનિયનના પ્રમુખ સાથે અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા હતા.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

હડતાલના પ્રથમ દિવસે જ મેનેજીંગ ટ્રસ્ટી રહિશભાઈ દ્વારા કર્મચારીઓ સાથેની વાતચીત પછી ત્રણ મહિનાનો પગાર ૧૦ જુલાઈ સુધીમાં અને બાકીનો પગાર ૧૫મી ઓગષ્ટ સુધીમાં તબક્કાવાર ચુકવી દેવાની લેખિત ખાત્રી અપાતા તેમજ હવેથી પગાર નિયમિત રીતે કરી દેવાની બાંહેધરી અપાતા કર્મચારીઓએ હડતાલનો સુખદ અંત આણ્યો હતો.

# દેરોલ(વા) દૂધ મંડળીના તાળા ન ખુલતા સભાસદોને દૂધના નિકાલની સમસ્યા

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મામાં તાલુકાની દેરોલ(વા) દૂધ ઉત્પાદક મંડળીના તાળા ન ખુલતા સભાસદોના દૂધના નિકાલની સમસ્યા ઉભી થવા પામી છે. છેલ્લા પાંચ દિવસથી સભાસદો બાજુના કંપાની દૂધ મંડળીમાં દૂધ ભરાવતા હોવાનું જાણવા મળ્યું છે. મંડળીના સભાસદો દૂધ ભરવાની વૈકલ્પિક વ્યવસ્થાથી ખુશ હોવાનો દાવો ગામના અગ્રણીઓ કરી રહ્યા છે.

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ(વા) દૂધ ઉત્પાદક સહ મંડળીની વાર્ષિક સાધારણ સભામાં મંડળીના હિસાબો અને ચૂંટણીના ઉમેદવારી ફોર્મ રદ કરવા સંદર્ભે હોબાળો થયો હતો અને મંડળીના સંચાલકો દ્વારા હાજર સભાસદોની કોરા કાગળ ઉપર સહીઓ લઈ વાર્ષિક સાધારણ સભાનું કામકાજ પૂર્ણ કરી દેવામાં આવ્યું હતું જેથી ગામ લોકોમાં રોષ ફેલાયો હતો અને મંડળીના મકાનની તાળાબંધી કરી હતી. છેલ્લા પાંચ દિવસથી દૂધ ઉત્પાદકોનું દૂધ બાજુની દેરોલ કંપા દૂધ મંડળીમાં ભરાવવાની વૈકલ્પિક વ્યપસ્થા કરવામાં આવી છે. તેમ છતાં કેટલા સભાસદોના દૂધની નિકાલની સમસ્યા ઉભી જ છે.

મંડળીના સભાસદો દિનેશભાઈ દલાભાઈ પરમાર, ગફુરભાઈ મનસુરી, પરેશ સુથાર, જનકસિંહ વાઘેલા તથા અન્યના જણાવ્યાનુસાર ગામનું દૂધ એક ટ્રેક્ટરમાં એક સાથે દેરોલ કંપાની દૂધ મંડળીમાં ભરાવવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. દેરોલ દૂધ મંડળીમાં તાળાબંધી પહેલા થતી દૂધની આવકમાં તથાફેટમાં વધારો હોવાનું આ અગ્રણીઓએ દાવો કર્યો હતો અને ખાણદાણ અને ઘાસચારાની મોંઘવારીમાં ફેટનો વધારો દૂધ ઉત્પાદકોને ફાયદો અપાવી રહ્યો હોવાનું દિનેશભાઈ ચમારે જણાવ્યું હતુ.

# ફાયર સેફ્ટી અંગે શોપીંગ કોમ્પ્લેક્ષોને નોટીસ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના શોપીંગ કોમ્પ્લેક્ષોમાં ફાયર સેફ્ટી સીસ્ટમની ચકાસણી હાથ ધરવામાં આવી છે. આ ચકાસણી મુજબ જે કોમ્પલેક્ષોમાં ફાયર સેફ્ટી સીસ્ટમ લગાડાઈ નથી તેની જરૂરિયાત મુજબના સાધનો લગાડ્યા નથી અથવા તો ફાયર સેફ્ટી લાયસન્સ રીન્યુ કરાવાયેલુ નથી તેવા કોમ્પલેક્ષના વહીવટકર્તાઓને દિન-૬માં પૂર્ણ કરવા નોટીસો બજાવાઈ છે. જો વહીવટકર્તાઓ દ્વારા આમ નહી કરવામાં આવે તો ગુજરાત હાઈકોર્ટના આદેશો અને ફાયર સેફ્ટી અધિનિયમન હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી ચિમકી પણ આપવામાં આવી છે. હાલ સે. ૧૧ના વિજય શોપીંગ સેન્ટરમાં આ પ્રકારની નોટીસ લગાડવામાં આવી છે.

# પ્રાંતિજની ખુલ્લી ગટરમાં બાળક પડતા આબાદ બચાવ

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ નગરપાલિકાની હદમાં આવેલ હરિઓમ પાર્ક સોસાયટીમાં આજે એક બાળક રમતા રમતા ખુલ્લી ગટરમાં પડી જતા ભારે ચકચાર મચી જવા પામી હતી. જો કે આસપાસમાં કામ કરતા મજૂરોની નજર પડતા તુરંત જ બાળકને બહાર નીકાળી લેવાતા માસુમનો જીવ બચી ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ એપ્રોચ માર્ગ પર આવેલી હરિઓમ પાર્ક સોસાયટી આવેલી છે. સોસાયટી આસપાસ વિસ્તારમાં ગટર લાઈન નાખવામાં આવી છે. થોડા સમય બાદ જ આ વિસ્તારની અનેક ગટરલાઈનના ઢાંકણા તુટી ગયા છે. જેને લઈ અનેક વાર નાના-મોટા અકસ્માત બનવા પામે છે. જેને લઈ રહિશોએ પાલિકાતંત્રને લેખિતમાં રજૂઆત કરી છે. તેમ છતાં કોઈ અધિકારીના પેટનું પાણી હલતુ નથી. અધિકારીઓની બેદરકારીને લીધે આજે સોસાયટીના જ એક માસુમ બાળક ખુલ્લી ગટરમાં પડી ગયો હતો. જો કે સદનસીબે બાળકનો જીવ બચી ગયો હતો.

આ ઘટનાની વિગત એવી છે કે પ્રાંતિજની હરિઓમ સોસાયટીમાં રહેતા એક પરિવારનું બાળક આજે સવારના મસયે ઘરની બહાર રમતુ હતુ રમતા રમતા બાળક અચાનક પાસેની ખુલ્લી ગટરમાં અચાનક જ પડી ગયું હતું. બાળકે બુમાબુમ કરતા પાસે જ મજુરી કામ કરતા મજૂરો તુરંત ગટર પાસે દોડી આવ્યા હતા અને અંદર ઉતરી સત્વરે બાળકને બહાર કાઢવામાં આવ્યો હતો. સદ્નસીબે બાળકને કોઈ જાનહાની થવા પામી ન હતી. જેથી પરિવારજનોએ રાહત અનુભવી હતી. આ ઘટનાને પગલે રહિશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. અને સત્વરે બધી ગટરોના તુટેલા ઢાંકણા તુરંત નાકવા નગરપાલિકા તંત્રને માંગ કરી છે.

# ટુરીઝમ સેટેલાઈટ એકાઉન્ટ ઉભો કરવા સ્થાનિક પ્રવાસ ખર્ચની મોજણી કરાશે

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર અને તેની પેટા કચેરીઓ- આંકડા અધિકારી (નિરીક્ષણ)ની કચેરી, અમદાવાદ, વડોદરા અને રાજકોટ દ્વારા આગામી વર્ષ રાષ્ટ્રીય નમુના મોજણીના ૭૨મા આવર્તનમાં ''સ્થાનિક પ્રવાસ ખર્ચ'' વિષય પર મોજણી કરવામાં આવનાર છે. આ મોજણીની ક્ષેત્રિય કામગીરી તા. ૧લી જુલાઈ, ૨૦૧૪થી શરૂ કરીને તા. ૩૦મી જૂન-૨૦૧૫ સુધી ચાલુ રહેશે. આ મોજણી માટે ગુજરાત રાજ્યના ૨૩૬ ગામો અને ૨૯૨ શહેરી બ્લોક્સની પસંદગી કરવામાં આવેલ છે. મોજણીદાર (આંકડા મદદનીશ) દરેક ગામ/શહેરની રૂબરૂ મુલાકાત લઈ તમામ કુટુંબોની યાદી કરશે અને તેમાંથી રેન્ડમ પદ્ધતિથી ૧૦ કુટુંબોની પસંદગી કરીને છેલ્લા વર્ષ દરમ્યાન કુટુંબે કરેલ પ્રવાસની વિગતો, ખર્ચ વગેરેની વિગતવાર માહિતી એકત્ર કરશે. આ માહિતીનો ઉપયોગ 'ટુરીઝમ સેટેલાઈટ એકાઉન્ટ' તૈયાર કરવામાં આવશે. જેનો રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉપયોગ થાય છે.

આ અંગે ૩ દિવસીય રાજ્ય કક્ષાની તાલીમ શિબીર પ્રાદેશિક તાલીમ કેન્દ્ર સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, પ્રહલાદનગર ગાર્ડન નજીક, કોર્પોરેટ રોડ, અશ્વરાજ બંગ્લોઝ પાછળ, સફલ પેરીડ્યુલ સામે, અમદાવાદ ખાતે તા. ૩ થી ૫ જુલાઈ, ૨૦૧૪ દરમ્યાન યોજવામાં આવેલ છે.

# સબલપુર ગામે મોટરકાર ઝાડ સાથે અથડાતા અકસ્માતમાં દાદા-પૌત્રનું કરૂણ મોત

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના સબલપુર ગામ પાસે મોટરકાર ઝાડ સાથે અથડાતાં સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં દાદા અને પૌત્રના કરૂણ મોત નિપજયા હતા જ્યારે ચાર વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે વડનગર તાલુકાના કરબટીઆ ગામે રહેતા ગીરીશભાઈ હરીપ્રસાદ પંડ્યાના ભાણેજ રોનક સાંજના સમયે મોટરકાર લઈને વિસનગરથી કરબટીઆ જઈ રહ્યા હતા. ત્યારે માર્ગમાં સબલપુર ગામ પાસે અચાનક નીલ ગાય આવી જતાં કારચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર રોડ પરથી સાઈડમાં નીચે ઉતરી ગઈ હતી અને ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેથી મોટરકારમાં બેઠેલાઓ પૈકી હરિપ્રસાદ પંડ્યા ઉં.વ. ૭૦ અને તેમના પૌત્ર વ્રજ પંડ્યા ઉં.વ. અઢીના કરૂણ મોત નિપજ્યાં હતા. જ્યારે બે મહિલાઓ અને બે પુરૂષો મળી કુલ ચાર વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બનાવ અંગે વડનગર પોલીસે મોટરકારના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શબ્દાવલી - ૫૪૩૫



## આડી ચાવી

૧. સુશોભન, શણગારવું (૫)
૫. મડ્દું, શબ (૨)
૭. એક મદ્રાસી વાનગી (૩)
૮. ભાંગેલું તુટેલ, જર્જરીત(૪)
૧૦. એક ફુલનું નામ, સફેદ કલરના હારમાં વપરાતાં ફુલ(૨)
૧૧. દાન, ભેટ (૩)
૧૨. 'પાવર' શબ્દ આડોઅવળો (૩)
૧૩. અરમાન, ઇચ્છાઓ (૩)
૧૫. સુંદર, બ્યુટીફુલ (૩)
૧૭. બુઝાવવા (૪)
૧૯. શરીર પપરનું જન્મથી લાખના રંગીન ચિહ્ન (૨)
૨૧. એકફુલ (૨)
૨૨. તરફડવું તે, ફફડાટ (૫)
૨૪. તજ, તેજાનાનું લાકડું (૪)

## ઊભી ચાવી

૧. રોજનું, રોજીંદુ (૩)
૨. કોડ નામની માછલીના લીવરમાંથી કઢાતું તેલ (૮)
૩. સંમેલન, સરઘસ આકારે ફરવું તે (૨)
૪. દીકરી કે દીકરીના સંતાનો(૩)
૫. તિબેટનો વડો, બૌદ્ધ આચાર્ય (૨)
૬. લજ્જાળુ (૪)
૯. આદર..., સન્માન (૪)
૧૧. જવાદો જેવા ભાવમાં ઉચ્ચારાતો શબ્દ (૨)
૧૩. નાગલોક; પૃથ્વીનું ઊંડુ તળ(૩)
૧૫. પ્રભાવ, પરોઢ (૩)
૧૬. ખણખોદ, ચાડી ચુગલી(૩)
૧૮. રહેવાસી, મુળ રહીશ (૩)
૨૦. અપ્રમાણિક, ખોટા બોલું(૩)
૨૧. અલગ, સમાન ના હોય તેવા (૨)
(૨૩) તફાવત (૨)

## શબ્દાવલી ૫૪૩૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) મગજમારી (૪) માજી (૫) તબલચી (૬) દધીચી (૮) સત્ય (૧૦) નફો (૧૨) મેગા (૧૩) પરણીતા (૧૪) મદારી (૧૫) પણે (૧૬) ટન (૧૭) કોતવાલ (૧૯) પાર્ટનર

**ઊભી ચાવી :-** (૧) મગદળ (૨) માત (૩) રીબન (૪) માચીસ (૭) ચીનગારી (૯) ત્યકતા (૧૧) તરણેતર (૧૨) મેદાન (૧૩) પપકોન (૧૪) મટર (૧૮) લસ્સી

# અધિકારીઓની બદલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

| | | |
|---|---|---|
| ઉદિત અગ્રવાલ | ડીડીઓ, વલસાડ | ડીડીઓ, અમદાવાદ |
| એસ.એમ. પટેલ | ડીડીઓ, નવસારી | ડીડીઓ, આણંદ |
| કે.ડી. ચંદાણી | સીઈઓ, ધોલેરા | ડીડીઓ, નવસારી |
| એસ.એ. પટેલ | નિયામક, નશાબંધી અને આબકારી | ડીડીઓ, દાહોદ |
| આર. જે. માકડિયા | સંયુક્ત સચિવ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ | ડીડીઓ, જામનગર |
| આર. જી. ત્રિવેદી | સંયુક્ત સચિવ, કાયદો વ્યવસ્થા, ગૃહવિભાગ | ડીડીઓ, જુનાગઢ |
| વી. એન. દેસાઈ | સંયુક્ત સચિવ, જીપીએસસી | ડીડીઓ, પાટણ |
| જી. સી. બ્રહ્મભટ્ટ | નિયામક, નાગરિક પુરવઠા | ડીડીઓ, વલસાડ |
| ડો. સંધ્યા ભુલ્લર | કલેક્ટર, નવસારી | નિયામક રોજગાર અને તાલીમ, ગાંધીનગર |
| હરીત શુક્લ | અધિક સચિવ, આરોગ્ય વિભાગ | અધિક સચિવ-નિયામક નાગરિક પુરવઠા |
| અરદ્રા અગ્રવાલ | સંયુક્ત મુખ્ય ચૂંટણી અધિકારી | નિયામક મહિલા અને બાળ કલ્યાણ |
| રૂપવંતસિંગ | કલેક્ટર અમદાવાદ | નિયામક નશાબંધી અને આબકારી |
| ડો. રંજિતકુમારસિંગ | નાયબ સચિવ શિક્ષણ | નાયબ ગ્રામિણ વિકાસ કમિશનર |
| પ્રવિણા ડી.કે. | ડીડીઓ, દાહોદ | નાયબ સચિવ, વન અને પર્યાવરણ |
| ડો. ગૌરવ દહિયા | ડીડીઓ, પાટણ | નાયબ સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ |
| મનોજકુમાર દાસ | મ્યુનિ. કમિશનર, સુરત | સંયુક્ત એમ.ડી., જીએસપીસી |
| પી. સ્વરૂપ | કલેક્ટર, ગાંધીનગર | એમ.ડી., ઈન્ડેક્સ-બી |
| ખરાદી વિજયકુમાર | ડીડીઓ, જામનગર | ડીડીઓ, સુરત |
| રાકેશ શંકર | કલેક્ટર, નર્મદા રાજપીપળા | કલેક્ટર, આણંદ |
| કુલદીપ આર્ય | ડીડીઓ, આણંદ | ડીડીઓ, વડોદરા |
| હર્ષદકુમાર પટેલ | કલેક્ટર, કચ્છ-ભુજ | જામનગર મ્યુ.કમિશ્નર |
| વિજય નેહરા | મુખ્યમંત્રીના સચિવ ગાંધીનગર | રાજકોટ મ્યુ.કમિશ્નર |
| મિલિંદ સોનવણે | અધિક સચિવ ગૃહ (નશાબંધી) | સુરત મ્યુ.કમિશ્નર |
| શ્રીમતી સોનલ મિશ્રા | રોજગાર અને તાલીમ કમિશ્નર | વડોદરા મ્યુ.કમિશ્નર |
| અજય ભાદુ | રાજકોટ મ્યુ.કમિશ્નર | મુખ્યમંત્રી સચિવ, ગાંધીનગર જીઆઈડીબીના સીઈઓ નો વધારાનો હવાલો |
| જી.આર.ચૌધરી | કલેક્ટર, ડાંગ-આહવા | ગાંધીનગર મ્યુ.કમિશ્નર |
| બી.કે.ઠાકર | ડી.ડી.ઓ. ડાંગ-આહવા | જુનાગઢ મ્યુ.કમિશ્નર |

# અડધી બોટલ દારૂ દુકાનદારને ૨૦,૦૦૦માં પડી

ખેડબ્રહ્મા શહેરમાં હાઈવે પરની એક હોટલમાં પર પ્રાંતમાંથી આવતા મુસાફરો પોતાની સાથે દારૂની બોટલ લેતા આવેલા જે અડધી બોટલ પીધા બાદ અડધી છોડી જતા રહેલા ત્યારબાદ કોટલ પર સ્થાનિક પોલીસ આવતા તેમના હાથમાં આવતા તેમણે દુકાનમાલિકને કહ્યું કે તને રાજસ્થાન ભેગો કરી દઈશું, તેથી દુકાનદારે પોલીસને દારૂ વેચાતી જગ્યાઓ બતાવવાનું કહ્યું ત્યારે પોલીસના ચાર કર્મીઓએ તેને કાયદા બતાવ્યા હતા અને દુકાનદાર પાસેથી રૂ. ૨૦,૦૦૦નો તોડ કરી ચાલતા થયા હતા. ખરેખર આ ચાર ઈસમો પોલીસ કર્મચારી હતા કે પછી ઠગ હતા તેની ખેડબ્રહ્મા પોલીસ તપાસ કરશે ખરી?

## સભ્યો સસ્પેન્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાખ્યો હતો. આ રીતે લગભગ ૧૦ મિનિટ જેટલો સમય ગૃહમાં ધાંધલ ધમાલ અને શોરબકોરના દશ્યો સર્જાયા બાદ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ઉભા થઈને દુષ્કાળની સ્થિતિ અંગે ચર્ચા માટે આગ્રહ ચાલુ રાખતા અધ્યક્ષે તેમને જણાવ્યું કે, ગૃહ નિયમ પ્રમાણે ચાલે છે દુષ્કાળની સ્થિતિ અંગે તમે નોટીસ આપી મને આવી સ્થિતિ નથી લાગતી ચોમાસુ તો હજુ ૨૦મી જુલાઈ સુધી મોડુ ના કહેવાય તેથી મે નોટીસનો અસ્વીકાર કર્યો છે. અધ્યક્ષના આ જવાબ પછી વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળ સસ્પેન્ડ થયેલા કોંગ્રેસના તમામ સભ્યો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

ગૃહમાં કોંગ્રેસના સભ્યોના સુત્રોચ્ચાર દરમિયાન વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, શક્તિસિંહ ગોહિલે અધ્યક્ષના કહ્યા પછી બેઠક પર બેસી જતાં આ બે સભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા નહોતા તેમ છતાં કોંગ્રેસના સસ્પેન્ડ થયેલા તમામ સભ્યો સાથે વિપક્ષના નેતા શંકરસિંહ અને શક્તિસિંહ પણ ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતાં. પરંતુ થોડીવાર બાદ શક્તિસિંહ ગોહિલ સરકારી વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા ગૃહમાં પાછા ફર્યા હતાં.

## ફરીથી ડ્રો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય સરકાર દ્વારા ઘર વિહોણા લોકોને ઘર આપવાની યોજના અન્વયે આવાસોની ફાળવણી માટે તાજેતરમાં કરવામાં આવેલા ડ્રો માં માત્ર ઓનલાઈન અરજીઓ કરનાર અરજદારોનો જ સમાવેશ થતાં ડ્રો માં સમાવેશ નહી થયેલા રૂબરૂ અરજીઓ કરનારા અરજદારોમાં ફેલાયેલ રોષ અને અસંતોષની લાગણી દૂર કરવા સરકારે લીધેલા પગલા અંગે પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો.

ધારાસભ્યશ્રીએ ઉપસ્થિત કરેલ આ પ્રશ્ન અંગે ઉત્તર આપતા મંત્રીએ જણાયું હતું કે આવાસોના ડ્રો માં ક્ષતિ માલુમ પડતા મુખ્યમંત્રીએ તાત્કાલિક આ ડ્રો રદ કરવાનો નિર્ણય કર્યો હતો એ ડ્રો રદ કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા હવે આગામી એક માસની અંદર ફરીથી ડ્રો કરવામાં આવશે અને દરેક શહેરમાં અલગ અલગ ડ્રો કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે દેવ ઈન્ફોર્મેશન ટેકનોલોજી પ્રા.લી.ને બોર્ડની કામગીરી માટે ત્રણ વર્ષ માટે ડીબાર્ડ કરવામાં આવેલ છે.

## રિનોવેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે ત્યારે આવાસોના છતમાંથી લીકેજીસ તેમજ પોપડા ખરતા હોવાની ફરિયાદોના લીધે પણ વસાહતીઓમાં આક્રોશ -વર્ત્યો છે. આવા સંજોગોમાં આવાસ મજબુતીકરણની કામગીરી દરમિયાન પણ ગુણવત્તા અને પૂર્ણતા ન જળવાતી હોવાનો સુર ઠવા પામ્યો છે. સેક્ટરોમાં સરકારી આવાસોને કંગાળ સ્થિતિમાંથી ઉગારવા તંત્ર દ્વારા તબક્કાવાર મજબુતીકરણના કામને મંજૂરી આપવામાં આવે છે. જેના ભાગરૂપે સે-૨૦, ૨૧ અને ૩૦ માં ચ અને છ કક્ષાના વિવિધ બ્લોકનું મજબુતીકરણ હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. ચ અને છ કક્ષાના અંદાજીત ૯૦ મકાનોને નવા રૂપરંગ આપવાનું કામ શરુ કરી દેવાયું છે. સે-૨૦ અને ૩૦ માં આ કામગીરી શરુ થઈ ગઈ છે. જયારે સે-૨૧ માં કેટલાક મકાનો ખાલી કરાવી દેવાયા બાદ આવાસ મજબુતીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે.

## દીવાની કોર્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે હવે રૂ. ૧૦ લાખની થઈ છે. એટલે કે રૂ. ૧૦ લાખ સુધીની નાણાંકીય હકૂમત ધરાવતી વિવિધ પડતર અપીલોનો નિકાલ હવેથી જિલ્લા કક્ષાએ થઈ શકશે. જેથી પ્રજાને જિલ્લા કક્ષાએ જ ન્યાય મળી શકશે.

મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, છેલ્લા બાર વર્ષોમાં સુસાશન અને સર્વાંગી વિકાસને કારણે લોકોની સ્થાવર મિલકતોની કિંમતમાં નાણાંકીય વધારો થયો છે અને એટલે જ સિવિલ કોર્ટોની નાણાંકીય હકૂમત વધારવાની જરૂરિયાત ઉભી થઈ હતી. નામદાર હાઈકોર્ટે નિર્દિષ્ટ કરેલી રીતે તાલુકા કોર્ટોની નાણાંકીય હકૂમતમાં વધારો થવાથી દાવાઓના નિકાલ માટે પ્રજાને જિલ્લા મથકે જવુ નહીં પડે. સમગ્ર રાજ્યના જુદા જુદા સ્થળોએથી લોકોને હાઈકોર્ટોમાં આવવું પડે તેને બદલે પોતપોતાના જિલ્લા કક્ષાએ જ પક્ષકારો પોતાનો દાવો રજૂ કરી શકશે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં દરેક તાલુકા મથકોએ તાલુકા કોર્ટની સ્થાપના કરવામાં આવી છે. એટલું જ નહિ છેલ્લા વર્ષોમાં આશરે ૪૦૦ જેટલા અધિકારીઓને સિવિલ જજ તરીકે નિમણૂંક આપવામાં આવી છે. ગુજરાત દીવાની કોર્ટ (સુધારા) વિધેયકને કારણે ન્યાયતંત્રના વહીવટમાં સરળતા રહેશે અને સમય-સંજોગો પ્રમાણે રાજ્યની છેવાડાની પ્રજાને ત્વરિત ન્યાય પુરી પાડવાની કાર્યવાહી થઈ શકશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં ૨૦૧૪નું ગુજરાત દીવાની કોટ)સુધારા) વિધેયક વિના વિરોધે પસાર થયું હતું. ચર્ચામાં ધારાસભ્યશ્રી રજનીકાન્તભાઈ એમ. પટેલે ભાગ લીધો હતો.

ટચૂકડી જાહેર ખબર

**ભાડે આપવાની છે**

ઓફીસ, ટ્યુશન લાયક, બેન્ક માટે ઉત્તમ ૨૦૦ સ્કે.ફીટ જગ્યા, કોલવડા રોડ, સેકટર-૨૭, ગાંધીનગર

મો. : ૯૮૨૫૪ ૪૭૫૭૦

મો. : ૯૮૨૫૦ ૬૪૧૫૫

**જોઈએ છે**

મકાન સામે ધિરાણ
રૂ. ૪૦/- લાખ

મો. ૯૫૭૪૧ ૩૭૭૩૧

**લગ્ન વિષયક**

સરકારી નોકરી કરતા એન્જિનિયર વણકર યુવક : ઉ.વ.૨૭ માટે ગ્રેજ્યુએટ યુવતી જોઈએ છે.

મો. : ૯૭૨૭૯ ૬૩૭૭૧

**જાહેર હરાજી**

બિનઉપયોગી વાહનોની (જેન મારૂતી)ની જાહેર હરાજી

**નિયામક અન્ય અને નાગરિક પુરવઠા કચેરી, બ્લોક નં. ૧૪/૬ ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગર તરફથી જાહેર હરાજીથી વાહન વેચાણ કરવાના છે.**

**ફોન નંબર : ૨૩૨૫૨૬૪૦**

**જાહેર હરાજીની તારીખ :** ૧૬/૮/૨૦૧૪, શનિવાર

**હરાજીનું સ્થળ :** નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, કમિટિ રૂમ, બ્લોક નં. ૧૪, ૬ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગર

જાહેર હરાજીને લગતી તમામ માહિતી તથા શરતો સ્થળ ઉપર આપવામાં આવશે.

**હરાજીનો સમય :** બપોરે ૧૩-૦૦ કલાકે

હરાજીમાં ભાગ લેવા ઈચ્છનાર વ્યક્તિએ તા. ૯/૮/૨૦૧૪ શનિવાર સુધીમાં પ્રત્યેક વાહનદીઠ અલગ અલગ રૂ. ૨૦,૦૦૦/- રૂપિયા વીસ હજાર ડીપોઝીટ પેટે ડીમાન્ડ ડ્રાફ્ટથી મદદનીશ નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાને જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ ભરનાર ઈસમ સિવાય અન્ય કોઈપણ વ્યક્તિને હરાજીના સ્થળે ઉપસ્થિત રહેવા પરવાનગી આપવામાં આવશે. વાહન જે વ્યક્તિ હરાજીથી ખરીદે તે સિવાયના તમામ ઈસમોને રકમ પરત કરવામાં આવશે. વાહનની અપસેટ કિંમત નીચે મુજબ છે.

| વાહન નંબર | અપસેટ કિંમત | મોડલ | ડીપોઝીટ |
|---|---|---|---|
| જી.જે. ૧૮ જી. ૧૩૫૦ | ૪૬,૦૦૦/- | ૨૦૦૧ (મારૂતિ જેન) | ૨૦,૦૦૦/- |

અપસેટ કિંમતથી નીચે કિંમત સ્વીકારવામાં આવશે નહીં. વાહન માટે અલગ નાણાં જમા કરાવવાના રહેશે.

સહી/-
નાયબ નિયામક
અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગર

માહિતી/૫૭૮/૧૪-૧૫